# ઓનલાઈન ડિપ્લોમા કોર્સ અંગે સૂચનાઓ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સાથે સંલગ્ન BAPS સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર દ્વારા ચાલુ વર્ષે શરૂ થયેલ ઓનલાઈન ડિપ્લોમા કોર્સીસની મુખ્ય પ્રવેશ પ્રક્રિયાનો આરંભ થાય છે. આ પ્રક્રિયા અંગેની યુનિવર્સિટીની તથા અન્ય કેટલીક જરૂરી સૂચનાઓ જાણીને એડમિશન ફોર્મ ભરવાનું રહેશે.

## ❖ કોર્સ સબંધી સૂચનાઓ:

1. **Diploma in Sanskrit Teaching**
2. **Diploma in the Shrimad Bhagavad Gita and its Commentaries.**

**(In the context of the Shankara, Ramanuja, and Swaminarayan Bhashyas and the Shridhara Tika)**

- આ બંને કોર્સ ૧ વર્ષના સમયગાળાના છે.
- ૧ વર્ષમાં બે માંથી કોઈ એક જ કોર્સ કરી શકાય છે. (એક સાથે બંને કોર્સ નહીં કરી શકાય.)

## ❖ પ્રવેશ પાત્રતા

- અભ્યાસ - ઓછામાં ઓછો ધો.૧૨ પાસ અથવા તેની સમકક્ષ.
- વય મર્યાદા - ૧૮ વર્ષથી વધુ.

## ❖ કોર્સ માટેની ફી સબંધી સૂચનાઓ:

| ક્રમ. | વિગત | રૂપિયા | |
|---|---|---|---|
| | | ભારતીય નાગરિકતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે | વિદેશી નાગરિકતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે |
| ૧. | ટ્યુશન ફી | ૫,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૨. | એનરોલમેન્ટ ફી | ૧૦૦/- | ૧૦૦/- |
| ૩. | પરીક્ષા ફી | ૫૦૦/- | ૫૦૦/- |
| | **કુલ ફી** | **૫,૬૦૦/-** | **૧૦,૬૦૦/-** |

- વર્તમાન પરિસ્થિતિને અનુસરીને ભારતીય નાગરિકતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કન્સેશન સાથે ટ્યુશન ફી રૂ.૫૦૦૦ ને બદલે રૂ.૩૦૦૦/-  રાખી છે. આથી, તેમની ફી રૂ.૩૬૦૦/- થશે.

## ❖ એડમિશન ફોર્મ સબંધી સૂચનાઓ:

- ફોર્મ ભરવા માટેની માર્ગદર્શિકા આપને મોકલવામાં આવે છે. તેનો સારી રીતે અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવાની શરૂઆત કરવી. Red Box વાળી માહિતી ભરવી ફરજિયાત છે.


Student Information

First Name : Student First Name
Last Name : Student Last Name
Middle Name : Student Middle Name
Gender : Male Female

- ફોર્મના અંતિમ ભાગમાં જ આપને જે તે Documents Upload કરવાના રહેશે.

## ❖ પેમેન્ટ સબંધી સૂચનાઓ:

- આ કોર્સ માટેની ફી ભરવાની લિંક આપને ઈ મેઈલ દ્વારા મોકલવામાં આવશે. જેના દ્વારા આપ પેમેન્ટ કરી શકશો. કોર્સ ફી ભરવાની તારીખ **૧૯/૧૦/૨૦૨૦ થી ૨૩/૧૦/૨૦૨૦ સુધી એમ પાંચ દિવસ જ રહેશે.**

- જ્યારે ફી ભરાઈ જાય અને આપને તેની રીસીપ્ટ પ્રાપ્ત થઈ જાય ત્યારબાદ આપને મહાવિદ્યાલય તરફથી એક Student ID પ્રાપ્ત થશે. ત્યારે વિદ્યાર્થીને Provisional Admission પ્રાપ્ત થયું ગણાશે. અને આ પ્રક્રિયા બાદ જ વિદ્યાર્થી વર્ગમાં બેસવા માટે યોગ્ય ગણાશે. આ પ્રક્રિયા પછી યુનિવર્સિટી ઊંડાણથી આપના Documents ની તપાસ કરશે, તેમાં ક્યાંક વિસંગતિ અથવા અયોગ્યતા જણાશે તો આપને તેની જાણ કરવામાં આવશે અને યોગ્ય પ્રમાણપત્રો ભરવાની સૂચના આપવામાં આવશે. જો યુનિવર્સિટીને અનુકૂળ પ્રમાણપત્રો આપ જમા ન કરી શક્યા તો યુનિવર્સિટીની દૃષ્ટિએ આપનો પ્રવેશ રદ થયો ગણાશે.

## ❖ ક્લાસ સબંધી સૂચનાઓ:

આ કોર્સીસના વર્ગોના અધ્યયન માટે આપને અમુક Applicationનો ઉપયોગ કરવાનો થશે, જેની માહિતી જાણી લઈએ.

- મહાવિદ્યાલયના એડમિશન ફોર્મમાં આપે જે Email ID લખ્યું હોય તે Email ID દ્વારા જ આપે Box Application પર Free Account બનાવવાનું રહેશે, જેની અંદર આપને વર્ગના વિડિયો મોકલવામાં આવશે. આ Appની Link નીચે મુજબ છે.

Link for Android box.com_android

Link for iOS box.com_iOS

Link for Web box.com_web

- Box Application ની જેમ જ આપે Zoom Application પર Free Account બનાવવાનું રહેશે, જેના દ્વારા આપના Live Classes અને Doubt Solvingના વર્ગો થશે. આ Appની Link નીચે મુજબ છે.

Link for Android zoom.in_android

Link for iOS zoom.in_iOS

Link for Web zoom.in_web

- Box Application ની જેમ જ આપે Edu Cloud Application પણ Download કરવાની રહેશે. જેમાં Study Material, Class Schedule, Class Notes વગેરે Download કરી શકશો, તેમજ Assignments Upload પણ કરી શકશો. આ Appની Link નીચે મુજબ છે.

Link for Android educloud-app_android

Link for iOS educloud-app_iOS

Link for Web educloud_web

## 1. Diploma in the Shrimad Bhagavad Gita and its Commentaries કોર્સ અંગે:

- પ્રત્યેક અઠવાડિયામાં ત્રણ વર્ગો થશે, જે વર્ગો આપ આપના Box Account પરથી જોઈ શકશો.
- Video જોયા બાદ અભ્યાસ સંબંધી પ્રશ્નો લેખિતમાં infossmv@baps.edu.in પર શનિવાર સુધીમાં મોકલવાના રહેશે. દર રવિવારે રાત્રે નવ વાગે (IST) આપે મોકલેલ લેખિત પ્રશ્નોનું જ સમાધાન Zoom મિટિંગમાં સમયની અનુકૂળતા પ્રમાણે કરવામાં આવશે.
- કોર્સના વર્ગો દરમ્યાન આપની ૭૦%થી વધુ હાજરી અનિવાર્ય છે.
- આ કોર્સમાં ત્રણ પેપર રહેશે. પ્રત્યેક પેપર ૧૦૦ માર્ક્સનું રહેશે.
- વર્ષના અંતે યુનિવર્સિટીની મુખ્ય પરીક્ષા ૭૦ માર્ક્સની MCQ પદ્ધતિથી લેવામાં આવશે, પેપર દીઠ એસાઈમેન્ટ લખીને જમા કરવાનું થશે, જેનાં ૩૦ માર્ક્સ રહેશે. આમ, ૭૦ + ૩૦ = ૧૦૦ માર્ક્સનું પેપર રહેશે.

## 2. Diploma in Sanskrit Teaching કોર્સ અંગે:

- પ્રત્યેક અઠવાડિયામાં બે વર્ગો Zoom Account પરથી લાઈવ ભરવાના રહેશે અને બે વર્ગો આપ આપના Box Account પરથી જોઈ શકશો..
- કોર્સના વર્ગો દરમ્યાન આપની ૭૦%થી વધુ હાજરી અનિવાર્ય છે.
- આ કોર્સમાં ત્રણ પેપર રહેશે. પ્રત્યેક પેપર ૧૦૦ માર્ક્સનું રહેશે.
- વર્ષના અંતે યુનિવર્સિટીની મુખ્ય પરીક્ષા ૭૦ માર્ક્સની લેવામાં આવશે, પેપર દીઠ એસાઈમેન્ટ લખીને જમા કરવાનું થશે, જેનાં ૩૦ માર્ક્સ રહેશે. આમ, ૭૦ + ૩૦ = ૧૦૦ માર્ક્સનું પેપર રહેશે.

**નોંધ- આ બંને કોર્સનો અભ્યાસક્રમ આ લિંક પરથી મળશે.**

Online Diploma Courses Syllabus

# **એડમિશન ફોર્મ માર્ગદર્શિકા**

આ ફોર્મમાં આપે આપના **Leaving Certificate/ Passport ના આધારે માહિતી** ભરવાની રહેશે. આ માહિતીના આધારે યુનિવર્સિટીનું ડિપ્લોમાં Certificate તૈયાર થશે. આ ફોર્મ સંપૂર્ણ **અંગ્રેજીમાં અને કેપીટલ અક્ષરમાં જ** ભરવું. એકવાર ફોર્મ સબમિટ કર્યા બાદ તેમાં સુધારો નહિ થઈ શકે. આ ફોર્મ ભરવામાં સરળતા રહે તે અંગેનું માર્ગદર્શન નીચે મુજબ છે.

## 1. **Admission Information:**

- ❖ Grade: આ જગ્યાએ જે તે કોર્સની પસંદગી કરવાની રહેશે.

## 2. **Student Information:**

- ❖ Name:
  - ભારતના વિદ્યાર્થીઓ માટે - **Leaving Certificate** પ્રમાણે જ નામ લખવું.
    જો તેમાં ભાઈ, કુમાર.. વગેરે હોય તો તે જ પ્રમાણે નામમાં ઉમેરવું.
  - ભારત સિવાયના વિદ્યાર્થીઓ માટે - **Passport**માં જે નામ હોય તે પ્રમાણે જ નામ લખવું.
  - પરણિત બહેનો માટે -
    - જો બહેન **ભારતના** હોય તો તેમનું **સરકારી ગેજેટમાં** લખેલ નામ યુનિવર્સિટીમાં માન્ય ગણાશે. **બીજા કોઈ પણ ડોક્યુમેન્ટ (**દા.ત. મેરેજ સર્ટિફીકેટ, ઈલેક્શન કાર્ડ, આધાર કાર્ડ વગેરે**) માન્ય ગણાશે નહિ.** ફોર્મના અંતે **સરકારી ગેજેટની** Photo Copy Upload **કરવાની રહેશે. જો સરકારી ગેજેટ ન હોય તો Leaving Certificate** પ્રમાણે નામ લખવું. અને તે નામથી જ **Certificate** તૈયાર થશે.
    - જો બહેન **ભારત સિવાયના** હોય તો તેમનું પાસપોર્ટનું નામ માન્ય ગણાશે.

| E.g. | VIJAYKUMAR | RAMANBHAI | PATEL |
|---|---|---|---|
| | First Name | Middle Name | Last Name |

- ❖ Email Id:
  - આ ફોર્મમાં આપ જે E-mail ID જણાવશો તે દ્વારા જ મહાવિદ્યાલયનું સંપૂર્ણ Communication થશે. Email ID લખવામાં કોઈ ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું.

- ❖ Date of Birth:
  - **Leaving Certificate/ Passport** પ્રમાણે જન્મતારીખ લખવી.

- ❖ Category:
  - SC/ST/OBC/EWS વગેરે જે કેટેગરી ધરાવતા હોય તેનું **ગવર્મેન્ટ સર્ટિફીકેટ** અવશ્ય જોડવું. અથવા OPEN લખવું.

- ❖ Aadhar Card:
  - **ભારતના વિદ્યાર્થીઓ માટે** :- આધારકાર્ડ નંબર ફરજીયાત લખવો.
  - **ભારત સિવાયના વિદ્યાર્થીઓ માટે** :- તેની જગ્યાએ 12 વખત “0000 0000 0000” ટાઈપ કરવું.

## 3. **Parent Information:**

| E.g. | VIJAYKUMAR | RAMANBHAI | PATEL |
|---|---|---|---|
| | First Name | Middle Name | Last Name |

## 4. Passport Information:

- ભારત સિવાયના વિદ્યાર્થીઓ માટે આ માહિતી ભરવી ફરજિયાત છે.

## 5. Upload Photographs as Specified:



- વિદ્યાર્થીનો ફોટો ફરજિયાત છે. અહીં જે ફોટો Upload કરશો તે Certificate પર આવશે.
- માતા-પિતાનો ફોટો ફરજિયાત નથી.

## 6. Upload Document as Specified:

- Compulsory Documents to Upload for Indian Students:
  - Photo of Student.
  - Digital Sign of Student.
  - Leaving Certificate or Aadhar Card of Student.
  - 12th Marksheet or Equivalent Certificate or Graduation Certificate
  - Cast Certificate (If Applicable)
  - Gazette (If Applicable)

- Compulsory Documents to Upload for Foreigner Students:
  - Photo of Student.
  - Digital Sign of Student.
  - Passport Photo copy of student.
  - High School Marksheet or Equivalent Certificate or Graduation Certificate.

## **પ્રવેશ માટેના નિયમો તથા જરૂરી માહિતી**

ડિપ્લોમાના પ્રવેશ અંગેની કાર્યવાહી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવસિર્ટી તેમજ BAPS સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયે નક્કી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

(૧) વિદ્યાર્થીએ યુનિવસિર્ટીના નિયમો અનુસાર ઓનલાઈન વર્ગમાં નિયમિત હાજરી આપવાની રહેશે. ૭૦% થી ઓછી હાજરી ધરાવનારા વિદ્યાર્થી પરીક્ષાનું ફોર્મ ભરી શકશે નહીં.

(૨) જે વિદ્યાર્થીને એડમિશન પ્રાપ્ત થયું હોય તે જ વિદ્યાર્થી ઓનલાઇન વર્ગમાં બેસી શકશે તથા પરીક્ષા આપી શકશે. એડમિશન બાદ કોર્સ કે વિદ્યાર્થીની ફેરબદલી કરી શકાશે નહીં.

(૩) એડમિશનની ફી ચૂકવાઈ ગયા બાદ ફી પરત કરવામાં આવશે નહીં.

(૪) અભ્યાસ સંબંધી લીંક/વેબસાઈટનો દુરુપયોગ કરી શકાશે નહીં. આમ કરવાથી યુનિવર્સિટી તેમજ મહાવિદ્યાલય તે વિદ્યાર્થીનું એડમિશન રદ કરી શકશે.

(૫) વર્ગમાં જે અધ્યાપન કરાવવામાં આવે તેના વિડીયો કે ઓડિયોનું કોઈ પણ પ્રકારે રેકોર્ડીંગ કરવું નહીં, તથા કોલેજ તરફથી મોકલવામાં આવતી કોઈપણ માહિતીનો સોશ્યલ મીડિયામાં કે અન્ય રીતે પ્રસાર કરવો નહીં. આમ કરનારનું પણ એડમિશન રદ કરવામાં આવશે.

(૬) વિદ્યાર્થીને આપવામાં આવતાં યુઝર નેમ અને પાસવર્ડ ખાનગી રાખવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

(૭) એડમિશન દરમ્યાન જમા કરવામાં આવેલ તમામ માહિતી તથા ડોક્યુમેન્ટ્સ સરકારમાન્ય હોવાં જરૂરી છે. કોઈ વિગત કે ડોક્યુમેન્ટ હેતુપૂર્વક ખોટાં રાખ્યાં હશે અથવા તો પ્રમાણભૂત નહીં હોય તો વિદ્યાર્થીને સાચા પ્રમાણપત્રો જમા કરાવવા માટે જણાવવામાં આવશે. જો વિદ્યાર્થી સાચા પ્રમાણપત્રો નિશ્ચિત સમયમર્યાદામાં જમા ન કરી શકે તો તે વિદ્યાર્થીનું એડમિશન રદ કરવામાં આવશે.

(૮) વિદ્યાર્થી તરફથી એડમિશન માટે આવેલ માહિતી અને ડોક્યુમેન્ટ્સ એડમિશનના ઉપયોગ માટે જ હોવાથી તે સંપૂર્ણ ખાનગી રહેશે.

(૯) **મારી પ્રતિજ્ઞા :**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવસિર્ટીના તથા યુનિવસિર્ટી સાથે સંલગ્ન BAPS સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના **પ્રવર્તમાન અને ભવિષ્યમાં અમલી બનતાં તમામ ધારાધોરણો અને શિસ્તના નિયમોનું હું ચુસ્તપણે પાલન કરવા બાહેંધરી આપું છું અને BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંચાલન તેમજ શિસ્તમાં દખલરૂપ બને એવી કોઈપણ પ્રવૃત્તિ કરીશ નહીં તેની ખાતરી આપું છું. મારાથી કોઈ પણ ભૂલ થાય તો તેની જવાબદારી મારી છે, પરંતુ સંસ્થાની નથી. યુનિવર્સિટી તથા મહાવિદ્યાલયે તૈયાર કરેલો અભ્યાસક્રમ તથા શિક્ષણ પદ્ધતિ મને સંપૂર્ણ માન્ય છે.**

મારી પૂર્વોક્ત વિગતો ધ્યાનમાં લઈ મને પ્રવેશ આપવા વિનંતી છે, મેં ઉપર મુજબના નિયમો સારી રીતે વાંચ્યા છે. જે મને સંપૂર્ણ સ્વીકાર્ય છે. જેની હું બાંહેધરી આપું છું. હું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવસિર્ટી તથા BAPS સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના નિયમાનું પાલન નહીં કરું અને મારો પ્રવેશ રદ થશે તો મને માન્ય રહેશે.

**Full Name** ____________________________________________

**Signature** ______________________

**નોંધ - આ અંતિમ પૃષ્ઠ(પેજ) ઉપર આપ આપનું સંપૂર્ણ નામ અને સહિ કરીને આ પૃષ્ઠ(પેજ) એડમિશન ફોર્મમાં FRO of Studentમાં અપલોડ કરવાનું રહેશે.**

# **Admission Form Link**

**http://www.educloud.in/admissionform/2020-21**